ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: NSP પોર્ટલ પર શિષ્યવૃત્તિ અર્થે કોલેજોનાં રજીસ્ટ્રેશન કરવા બાબત.

સંદર્ભ: ૧) નાયબ નિયામક(અનુસૂચિત જાતિ) કલ્યાણની કચેરી, જામખંભાળીયાનો પત્ર ક્રમાંક ના.નિ.અ.જા.ક/ખંભા/૨૦૨૪/૨૪૮-૨૫૨, તા.૦૮/૦૨/૨૦૨૪.
૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક અજાક/ગ-૧/૫/૨૩-૨૪/૪૨૩-૪૫૮, તા.૦૭/૦૨/૨૦૨૪.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્રો અન્વયે જણાવવામાં આવે છે કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કેન્દ્ર પુરસ્કૃત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ ચૂકવવાની થનાર હોય જેથી તમામ કોલેજો, અનુસ્નાતક કેન્દ્રો તથા અનુસ્નાતક ભવનોએ ફરજિયાત NSP (National Scholarship Portal) પર રજીસ્ટ્રેશન કરવાનું થાય છે તેમજ આ અંગેની તમામ બાબતની માહિતી http://scholarship.gov.in પર 'Institute Corner' માં આપવામાં આવેલ છે તો આપની કોલેજનાં વિદ્યાર્થીઓ બહોળા પ્રમાણમાં આ શિષ્યવૃત્તિનો લાભ લઇ શકે તેવા ઉમદા હેતુથી NSP (National Scholarship Portal) પર આપની કોલેજનું સત્વરે રજીસ્ટ્રેશન કરવા જણાવવામાં આવે છે.

કા.કુલસચિવ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રોની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૪૦૭/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૧/03/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, **માન્ય સંસ્થાઓનાં વડાઓ** તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
## જિલ્લો-દેવભૂમિ દ્વારકા-જામખંભાળીયા

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન,ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નં. સી/જી/૧૧/૧૨, મુ.ધરમપુર,લાલપુર રોડ, જામખંભાળીયા

ઈ-મેઈલ dddevbhumi@gmail.com/swo-sjed-khambha@gujarat.gov.in ફોન નં.૦૨૮૩૩ ૨૩૪૬૦૨


નં.ના.નિ.અ.જા.ક/ખંભા/૨૦૨૪/248-252 By-Email તારીખ- ૦૮/૦૨/૨૦૨૪

પ્રતિ,

(૧) કુલપતિશ્રી,
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,
જુનાગઢ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિ.દેવભૂમિ દ્વારકા

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિ.પં.દેવભૂમિ દ્વારકા

વિષય:-તમામ શાળાઓ/કોલેજો/સંસ્થાઓનું રજીસ્ટ્રેશન NSP (National Scholarship Portal) પર કરવા બાબત (https://scholarship.gov.in)

સંદર્ભ:-વડી કચેરી ગાંધીનગરના તા.૦૭/૦૨/૨૦૨૪ ના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૩-૨૪/૪૨૩-૪૫૮

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનુંકે,અનુસૂચિત જાતિના વિધાર્થીઓને કેંદ્ર પુરસ્કૃત પ્રિ-મેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ ચુકવવાની થશે તે તમામ શાળા/કોલેજ/સંસ્થા/યુનિવર્સીટીએ ફરજિયાત NSP (National Scholarship Portal) પર રજીસ્ટ્રેશન કરવાનું થાય છે.સંદર્ભ દર્શીત પત્રની નકલ આ સહ સામેલ છે.

NSP (National Scholarship Portal) પર રજીસ્ટ્રેશન કેવી રીતે કરવુ તે બાબતની તમામ માહિતી https://scholarship.gov.in પોર્ટલ પર 'Insitute Corner' માં આપવામાં આવેલ છે જેનો ઉપયોગ કરી રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે.

આમ અનુસૂચિત જાતિના વિધાર્થીઓને સમયસર શિષ્યવૃતિ ચુકવી શકાય તે માટે આપના તાબા હસ્તકની તમામ શાળા/સંસ્થા/કોલેજ/યુનિવર્સિટીઓ NSP (National Scholarship Portal) પર તાત્કાલિક રજીસ્ટ્રેશન કરાવી લે તે અંગેની સુચનાઓ આપની કક્ષાએથી આપવા વિનંતી છે.

બિડાણ:- ઉપર મુજબ

(એચ.આર.ઠોસાણી)
નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
જિ.દેવભૂમિ દ્વારકા

નકલ સવિનય રવાના જાણ સારૂ:-

(૧) માન.કલેકટરશ્રી
જિ.દેવભૂમિ દ્વારકા

(૨) માન.નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુ.રા.ગાંધીનગર


VC OFFICE
Inward No. 69
Dt. 29/2/2024

AFFILIATION
Inward No. 1121
Dt. 7/3/24

નં.અજાક/ગ-૧/૫/૨૩-૨૪/ ૪૨૩ - ૪૫૯
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
તા. ૭ / ૯ /૨૦૨૪

પ્રતિ,

૧. કમિશ્નરશ્રી,
ઉચ્ચ શિક્ષણની કચેરી,
બ્લોકનં:૧૨/૨, જુના સચિવાલય, ગાંધીનગર

૨. કમિશ્નરશ્રી,
શાળાઓની કચેરી,
જુના સચિવાલય, બ્લોક નં:૧૨/૨, ગાંધીનગર

૩. નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
જુના સચિવાલય, બ્લોક નં:૯/૨, ગાંધીનગર

વિષય: તમામ શાળાઓ/કોલેજો/સંસ્થાઓનુ રજીસ્ટ્રેશન NSP (National Scholarship Portal) પર કરવા બાબત (https://scholarships.gov.in)

સંદર્ભ: તા: ૩૧/૦૧/૨૦૨૪ના રોજની પશ્ચિમ ઝોનના રાજ્યોની ગોવા ખાતે મળેલ ક્લસ્ટર મીટીંગ મળેલ સૂચના

સવિનય ઉપરોક્ત વિષય તથા સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની કેન્દ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓનો અમલ રાજ્ય સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે. આ શિષ્યવૃત્તિની યોજનાઓનો અમલ રાજ્યની શાળાઓ/કોલેજો/સંસ્થા/યુનિવર્સિટીઓ મારફત કરવામાં આવે છે.

વધુમાં સંદર્ભમાં જણાવ્યા મુજબ કેંદ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નવી દિલ્હી દ્વારા તા:૩૧/૦૧/૨૦૨૪ના રોજ પશ્ચિમ ઝોનના રાજ્યોની ગોવા ખાતે ક્લસ્ટર મીટીંગ રાખવામાં આવેલ હતી. આ મીટીંગમા થયેલ ચર્ચા મુજબ જે શાળા/કોલેજ/સંસ્થાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કેંદ્ર પુરસ્કૃત પ્રિમેટ્રીક કે પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ ચુકવવાની થશે તે તમામ શાળા/કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીએ ફરજિયાત NSP (National Scholarship Portal) પર રજીસ્ટ્રેશન કરવાનું થાય છે.

NSP (National Scholarship Portal) પર રજીસ્ટ્રેશન કેવી રીતે કરવુ તે બાબતની તમામ માહિતી https://scholarships.gov.in પોર્ટલ પર "Institute Corner" માં આપવામાં આવેલ જ છે જેનો ઉપયોગ કરી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

આમ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિ ચુકવી શકાય તે માટે આપના હસ્તકની તમામ શાળાઓ/કોલેજો/સંસ્થા/યુનિવર્સિટીઓ NSP (National Scholarship Portal) પર તાત્કાલિક રજીસ્ટ્રેશન કરાવી લે તે અંગેની સૂચનાઓ આપની કક્ષાએથી આપવા વિનંતી છે.

ના.નિ.અ.જા.ક.અ.ની કચેરી જિ. દેવભુમિ દ્વારકા-ખંભાળીયા
ઈનવર્ડ નં. ૨૦૬
તારીખ. ૧૩-૨-૨૫

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય

બિડાણ: ઉપર મુજબ

નકલ રવાના:

- જિલ્લા નાયબ નિયામકશ્રી, (અ.જા.ક.), જિ. દેવભૂમિ દ્વારકા જાણ તેમજ જિલ્લા કક્ષાએ શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓના સંકલનમાં રહી જિલ્લાની સંબધિત તમામ શાળા/કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીઓને તાત્કાલિક NPS (National Scholarship Portal) પર રજીસ્ટ્રેશનની કામગીરી કરાવવા સારૂ.